**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૧૨/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી ૭૬ વ્યક્તિઓને ઝડપી ૨૯૫ લીટર દેશી દારૂ, ૭૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૦૯ બિયર ટીન અને ૧ લોડીંગ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૭/૧૫**

**સાબરમતીઃ** જીવણભાઈ દેવસિંહ સોલંકી (ઉ.વ.૪૫)(રહે. બળદેવનગર ઓ.એન.જી.સી.સામે મોટેરા સાબરમતી) પાસેથી ફેબ્રીકેશનનુ કામ કરાવી હાર્દીક પટેલ નામના માણસે ત્રણ મહીનાનો પગાર નહી આપી જાતીવાચક શબ્દો બોલી મારી નાખવાની ધમકી આપતા હોવાનુ ચીઠ્ઠીમાં લખી જીવણભાઈએ તા.૯/૧૨/૧૫ કલાક ૦૦/૩૦ થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની લોખંડની પાઈપમાં વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીવણભાઈના પુત્ર વિશાલ સોલંકીએ તા.૩૦/૧૨/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એસ.સી એસ ટી.સેલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૮/૧૫**

**સરદારનગરઃ** કિરણબહેન દામોદરભાઈ શાહ (ઉ.વ.૧૬) (રહે.નોબલનગર કુબેરનગર સરદારનગર) ને તા.૨૭/૧૨/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નાજીક રહેતો આરોપી રવિ જમનાબહેન સીંધી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કિરણબહેનની માતા મધુબહેન શાહે તા.૩૦/૧૨/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

**વેજલપુરઃ** ક્રિષ્ણાબહેન હરજીભાઈ સોલંકી (ઉ.વ.૧૪) (રહે.વાઘા કોમ્પલેક્ષ પ્રવિણનગર ગુપ્તાનગર વાસણા) ને તા.૩૦/૧૨/૧૫ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નાજીક રહેતો આરોપી મુન્નો બંગાળી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ઘર નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ક્રિષ્નાબહેના પિતા હરજીભાઈ સોલંકીએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ બી વાળંદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>**છેતરપીંડીની ફરીયાદઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૯૨૯/૧૫**</u>

**જીઆઈડીસી વટવાઃ** ચિરાયુ હર્ષકુમાર છીબ્બર (ઉ.વ.30) (રહે.ગોલ્ડન હોમ ગુરૂદ્વારા પાછળ એસ.જી.હાઈવે થલતેજ) એ તા.30/૧૨/૧૫ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે સપ્ટેમ્બર ૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હર્ષદભાઈ કાંતીભાઈ પટેલ (રહે.કર્નાવતી પાર્ક સી.ટી.એમ) અને બીજા પાંચ વ્યક્તિઓએ ભેગા મળી જીઆઈડીસી વટવા ફેઝ-૧ ચોકસી ટ્યુબની સામે મંથન ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ ખાતે ચિરાયુ છીબ્બરએ નોધાવેલ શેડ નંબર-૨ બુક કરાવવા પેટે રૂપિયા ૭,00,000/- આપ્યા હતા જે શેડ આરોપીઓએ બીજાને વેચી દઈ ચિરાયુ છીબ્બરને નહી આપી કે પૈસા પરત નહી કરી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ ઠાકોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)